તાપમાન
મહત્તમ : ૪૪.૪ ડીગ્રી
લઘુતમ : ૩૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૦ ટકા ● સાંજે ૧૮ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૮૭ | ૭ જૂન, ૨૦૧૬, મંગળવાર ; જેઠ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## પૂર્વ સાંસદ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રભારી કામતનું પ્રાથમિક સભ્યપદેથી રાજીનામુ

ગાંધીનગર, તા. ૬

ગુજરાત કોંગ્રેસના પ્રભારી શ્રી ગુરૂદાસ કામતે કોંગ્રેસના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામુ



આપી સક્રિય રાજકારણમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય કરતાં પ્રદેશ કોંગ્રેસમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે શ્રી કામતે થોડા દિવસ અગાઉ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષા સુશ્રી સોનિયા ગાંધી અને ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીને મળી રાજીનામાનો પત્ર સોંપ્યો હતો. તેમણે સક્રિય રાજકારણમાંથી નિવૃત્ત થવાની ઈચ્છા પણ જણાવી હતી. જો કે મોવડીમંડળે હજુ તેમનું રાજીનામુ સ્વીકાર્યુ હોય તેવા કોઈ અણસાર મળ્યા નથી.

બીજી તરફ શ્રી કામતે ગુજરાત કોંગીના કાર્યકરોને તેમણે સૌએ આપેલા સહકારનો બિરદાવ્યો હતો. તેમણે તેમના આ આભારપત્રમાં આ બધી વાતનો ઉલ્લેખ કર્યો છે.

# રાજ્યભરમાં હિટવેવ

## પારો ૪૬થી ઉપર, વધુ એકનું મોત : અમદાવાદમાં હિટસ્ટ્રોકના પરિણામે ૯૫ લોકો હોસ્પિટલમાં સારવાર હેઠળ ગરમીથી બચવા વિવિધ તકેદારી રાખવા માટે સલાહ પણ આપવામાં આવી

અમદાવાદ,તા. ૬

સમગ્ર ગુજરાતમાં ફરી એકવાર હિટવેવનું મોજુ ફરી વળ્યું છે. હવામાન વિભાગ તરફથી આગામી ત્રણ દિવસ માટે હિટવેવની ચેતવણી પણ જારી કરવામાં આવી છે. અમદાવાદ અને રાજ્યના અન્ય ભાગોમાં તાપમાનને લઈને પણ હવે લોકોમાં ચર્ચા છે. કારણ કે, પારો વધુ હોવાની વાત લોકો કરી રહ્યા છે. હવામાન વિભાગ તરફથી તાપમાન અમદાવદામાં આજે ૪૪.પથી વધુ આંકવામાં આવ્યું છે. આજે રાજ્યના જે ભાગોમાં પારો ૪૪થી ઉપર રહ્યો હતો તેમાં ડિસા,



ગાંધીનગર, ઈડર, કંડલા એરપોર્ટ, સુરેન્દ્રનગરનો સમાવેશ થાય છે. બીજી બાજુ અમદાવાદ શહેરના તાપમાનમાં છેલ્લા કેટલાક દિવસોથી વધારો થવા પામ્યો છે.

શહેરમાં તાપમાનનો પારો આગામી બે દિવસ દરમિયાન ૪૫ ડીગ્રી સેલ્સિયસ પર પહોંચવાની હવામાન વિભાગની આગાહીની વચ્ચે તંત્ર દ્વારા રેડએલર્ટ જારી કરવામાં આવ્યું છે.ત્યાં શહેરમાં હીટસ્ટ્રોકની અસરથી દાખલ કરવામાં આવેલા એક વૃધ્ધનું મોત થતાં શહેરમાં અત્યાર સુધીમાં કુલ ૧૮ લોકોના મોત થવા પામ્યા છે.આ અંગે મ્યુનિસિપલ કોર્પોરેશન હેલ્થવિભાગ તરફથી જાણવા મળ્યા મુજબ,શહેરના દાણીલીમડા વિસ્તારમાં રહેતા એક ૭૦ વર્ષના વૃધ્ધને હીટસ્ટ્રોકની અસરને પગલે વી.એસ.હોસ્પિટલમાં સારવાર માટે ગઈકાલે દાખલ કરવામાં આવ્યા હતા.જ્યાં આજે સારવાર દરમિયાન તેમનું મોત થવા પામતા શહેરમાં હીટસ્ટ્રોકને કારણે કુલ મૃત્યુઆંક ૧૮ ઉપર પહોંચવા પામ્યો છે.અત્યારસુધીમાં લૂ લાગવાના કારણે શહેરની હોસ્પિટલોમાં કુલ ૯૫ જેટલા દર્દીઓને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા.

# ધોરણ-૯ થી ૧૨માં સેમેસ્ટર પદ્ધતિ અંતે રદ્દ

## વર્ષ ૨૦૧૭માં લેવામાં આવનાર નીટની પરીક્ષામાં વિદ્યાર્થીઓને તકલીફ ન પડે તે માટે ખૂટતા અભ્યાસક્રમની પુરવણી વિદ્યાર્થીઓને ટૂંકમાં જ મળી જશે

અમદાવાદ, તા.૬

શિક્ષણના ક્ષેત્રમાં અનેક પ્રકારની દુવિધાઓ અને માંગ વચ્ચે આજે ગુજરાત સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લેતા ધોરણ ૯, ૧૦, ૧૧ અને ૧૨માં સેમેસ્ટર પદ્ધતિ નાબૂદ કરવાનો નિર્ણય કર્યો હતો. વર્ષ ૨૦૧૭માં લેવામાં આવનાર નીટની પરીક્ષામાં વિદ્યાર્થીઓને કોઈપણ મુશ્કેલી ન પડે તે માટે પુરતા અભ્યાસક્રમની પુરવણી વિદ્યાર્થીઓને ટૂંક સમયમાં જ આપવામાં આવશે. ધોરણ ૧૨ પછીના ઈજનેરી, ફાર્મસીના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે વર્ષ ૨૦૧૭-૧૮થી કોમન એન્ટ્રેન્સ ટેસ્ટ તરીકે જેઈઈ મેઈનને મરજિયાત કરવાનો અને ગુજકેટ દાખલ કરવાનો પણ મહત્વપૂર્ણ નિર્ણય આજે ગુજરાત સરકાર દ્વારા લેવામાં આવ્યો હતો અને આ સંદર્ભમાં સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. ધોરણ -૯,૧૦,૧૧ અને ૧૨માં હાલમાં ચાલતી સેમેસ્ટર પધ્ધતિ નાબુદ કરવાનો રાજય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો હોવાની જાહેરાત શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે કરી છે. ઉચ્ચ ટેકનીકલ શિક્ષણ રાજયમંત્રી વસુબેન ત્રિવેદી અને પ્રાથમિક શિક્ષણ રાજયમંત્રી નાનુભાઈ વાનાણીની ઉપસ્થિતિમાં આજે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ શિક્ષણ વિભાગનાં આ નિર્ણયના સંદર્ભમાં જણાવ્યું હતું કે, ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની વાર્ષિક પરીક્ષા ગુજરાત રાજય ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ લેશે. ધોરણ-૧૧ની અને ધોરણ-૧૨ પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા જે તે શાળા ધ્વારા લેવાશે. વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, શૈક્ષણિક સંગઠનો, શિક્ષણ વિષયના તજજ્ઞો, વાલીઓ વગેરે ધ્વારા સેમેસ્ટર પધ્ધતિ

અનુસંધાન પાના - ૭ પર

## આજે રીઝર્વ બેંકની પોલિસી સમીક્ષા

મુંબઈ,તા. ૬

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે આરબીઆઈની પોલીસી સમીક્ષા આવતીકાલે સાતમી જુનના દિવસે જારી કરવામાં આવી રહી છે. તેમા વ્યાજદરમાં વર્તમાન સંજોગોને જોતા કોઈ કાપ મુકાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. જો કે



કેટલાક આશાવાદી પણ બનેલા છે. વ્યાજદરમાં આરબીઆઈ કાપ મુકીને લોન સસ્તી કરે છે કે કેમ તે બાબત પર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે.

આરબીઆઈની નવી સમીક્ષા સાતમી જુનના દિવસે જારી કરવામાં આવનાર છે. જેમાં વ્યાજદરમાં હવે કોઈ ફેરફાર કરવામાં આવે તેવી શક્યતા ઓછી છે.જો કે આ વર્ષમાં ઓગષ્ટ અથવા તો ઓક્ટોબરમાં વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવી શકે છે. રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ પાંચમી એપ્રિલના દિવસે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માટેની તેની પ્રથમ દ્વિમાસિક નાણાંકીય નિતી સમીક્ષા જારી કરતા બેંકરો અને નિષ્ણાંતોની અપેક્ષા મુજબ જ રેપો રેટ અથવા તો રિપર્ચેઝ રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. આની સાથે જ રેપોરેટ હવે ઘટીને ૬.૫૦ ટકા થઈ ગયો હતો.



**શાળા અમારી તીર્થભૂમિ :** સોમવારની સવારથી રાજ્યભરમાં શૈક્ષણિક સત્રનો ઉલ્લાસપૂર્વક આરંભ થયો. બાળકોના કિલ્લોથી શાળાના સંકુલો ગુંજી ઊઠ્યા. દોઢ મહિનાના ઉનાળું વેકેશનના અંતે પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક શાળાઓ પ્રાર્થનાથી પ્રારંભાઈ. સોમવારથી પ્રાર્થના સભામાં શિક્ષકોએ શિસ્ત અને સંસ્કારના બોધપાઠ આપ્યા. બાળકો જીવનના લક્ષ્ય પ્રતિ આગળ ધપવા સંકલ્પબદ્ધ બન્યા. બાળકોની આંખોમાં નવી આશા, નવી ચેતના દેખાતી હતી. એ પરમ તત્ત્વ અમને અમારા જીવનની કારકીર્દી ઘડવામાં સહાય કરજે, અમને જ્ઞાન આપજે, અમને બુદ્ધિ આપજે, અમને શક્તિ અને શાણપણ આપજે. વિદ્યાર્થીઓની પ્રાર્થના પ્રત્યેક શાળાઓમાં ગુંજી ઉઠી હતી અને સૌના મનમાં એક જ ભાવ હતો. શાળા અમારી તીર્થભૂમિ, જ્ઞાન ગંગા અહી વહે....

# ગુલબર્ગ હત્યાકાંડની ૯મીએ સજા ફરમાવાશે

## બીજી જૂનના દિવસે જજ દેસાઈએ ૬૬ આરોપીઓ પૈકીના ૨૪ને અપરાધી ઠેરવ્યા હતા અને ૩૬ને નિર્દોષ જાહેર કર્યા હતા : ચુકાદાને લઈ ભારે ઉત્તેજના

અમદાવાદ,તા. ૬

ખાસ સીટ અદાલતે આજે વર્ષ ૨૦૦૨ના ગુલબર્ગ સોસાયટી હત્યાકાંડ કેસમાં ૨૪ અપરાધીઓ માટે સજાની જાહેરાત અંગેની સુનાવણી ૯મી જૂન સુધી મોકૂફ કરી દીધી હતી. અગાઉ તમામ અપરાધીઓને આજે સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે કોટમાં રજૂ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ દલીલો પર સુનાવણી હાથ ધરવામાં આવી હતી. અત્રે નોંધનીય છે કે બીજી જૂનના દિવસે અમદાવાદની ખાસ અદાલતે મામલામાં લાંબા ગાળા બાદ ચુકાદો આપતા ૬૬ આરોપીઓ પૈકી ૨૪ને અપરાધી ઠેરવ્યા હતા અને ૩૬ને નિર્દોષ છોડી મુક્યા હતા. જે આરોપીઓને અપરાધી જાહેર કરવામાં આવ્યા હતા તેમાં વિહિપના નેતા અતુલ વૈધ્યનો સમાવેશ થાય છે. આજે ચુકાદો હોવાના કારણે પહેલાથી જ કોર્ટ સંકુલની આસપાસ સુરક્ષા વધારવામાં આવી હતી. ચકચારી આ કેસમાં ટ્રાયલ સાત વર્ષ સુધી ચાલી હતી. સઘન સુરક્ષા વચ્ચે ખાસ જજ પીબી દેસાઈ દ્વારા બીજી જુનના દિવસે ચુકાદો જાહેર કરવામાં આવ્યો હતો. સપ્ટેમ્બર ૨૦૧૫માં ખાસ અદાલતે ટ્રાયલ પૂર્ણ કરી હતી. આ હત્યાકાંડમાં અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં ૬૯ લોકોના મોત થયા હતા જેમાં કોંગ્રેસના પૂર્વ સાંસદ અહેસાન જાફરીનો સમાવેશ થાય છે. ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨ના દિવસે આ હત્યાકાંડ સર્જાયો હતો. ગોધરા રેલવે સ્ટેશન ખાતે સાબરમતી એક્સપ્રેસ ટ્રેનને આગ ચાંપી દેવાની ઘટનાના એક દિવસ બાદ એટલે કે ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨ના દિવસે આ હત્યાકાંડ થયો હતો જેમાં ૬૬ આરોપીઓ હતા. ૩૦૦થી પણ વધુ



સાક્ષીઓની ઉલટ તપાસ કરવામાં આવી હતી. ૨૦૦૯માં ટ્રાયલની શરૂઆત થઈ હતી. જે સાત વર્ષ સુધી ચાલી હતી. ટ્રાયલના ગાળા દરમિયાન ચાર આરોપીઓના મોત થયા હતા. ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં મ્યુનિસિપલ કોર્પોરેશનની

અનુસંધાન પાના - ૭ પર

# જાટ અનામત પર સ્ટેને દૂર કરવાનો હાઈકોર્ટનો ઈન્કાર

ચંદીગઢ,તા. ૬

પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે જાટ અને અન્ય પાંચ સમુદાયને નોકરી અને શૈક્ષણિક સંસ્થાઓમાં અનામત મંજુર કરવાના તેના નિર્ણય ઉપર મનોહરલાલ ખટ્ટરના નેતૃત્વમાં સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા નિર્ણય પર સ્ટેને દૂર કરવાનો આજે ઈન્કાર કર્યો હતો. જાટ સમુદાયના અનામત ઉપર સ્ટેને દૂર કરવા હાઈકોર્ટના ઈન્કાર બાદ આની સીધી અસર થઈ શકે છે. આ મામલામાં વધુ સુનાવણી ૧૩મી જૂનના દિવસે હાથ ધરવામાં આવશે. અરજીદારના વકીલ મુકેશકુમાર વર્માએ દલીલ કરી હતી કે, રાજ્ય સરકારે એવી ખાતરી કરવી જોઈતી હતી કે, આ કેસની મેરિટને હાથ ધરવામાં આવશે નહીં. અરજી દાખલ કરવા માટે સમય આપવાની જરૂર છે. બીજી બાજુ જાટ આરક્ષણ સંઘર્ષનુંપ્રતિનિધિત્વ કરતા વકીલ રણધીરસિંહે કહ્યું છે કે, આ નિર્ણયની પણ સમીક્ષા થવી જોઈએ. હરિયાણા સરકારનું કહેવું છે કે, આ મામલામાં તાકિદે સુનાવણી કરવામાં આવે તે જરૂરી છે. અગાઉ માર્ચ મહિનામાં હાઈકોર્ટે જાટ સમુદાય માટે અનામત ઉપર સ્ટે મુકી દીધો હતો.





